બ્રોડકાસ્ટિંગ સેવાઓ માટે એક સમાન નિયમનકારી માળખાની દરખાસ્ત

# ટીવી-રેડિયો માટે 'એક સમાન' કાયદો

**પ્રસારણ** માટેના નવા નિયમો જાહેર કરવામાં આવ્યા

**હવે** ખાનગી રેડિયો સેવાઓએ પણ રાષ્ટ્રીય મહત્વના સામાજિક હિતના વિષયો પરના કાર્યક્રમો ફરજિયાત પ્રસારિત કરવા પડશે

**ટીવી** ચેનલોએ રોજની 30 મિનિટ જ્યારે રેડિયો ચેનલોએ રોજનો એક કલાક આવા પ્રસારણો માટે ફાળવવો પડશે

### આ વિષયો પરની સામગ્રી ટીવી-રેડિયો પર પ્રસારિત કરવી પડશે

હાલના નિયમોમાં સૂચવવામાં આવેલા સામગ્રીના વિષયો - શિક્ષણ અને સાક્ષરતાનો પ્રસાર; કૃષિ અને ગ્રામીણ વિકાસ; આરોગ્ય અને પરિવાર કલ્યાણ; વિજ્ઞાન અને ટેકનોલોજી; મહિલા કલ્યાણ; સમાજના નબળા વર્ગોનું કલ્યાણ; પર્યાવરણ અને સાંસ્કૃતિક વારસાનું રક્ષણ; અને રાષ્ટ્રીય એકતા - આ ડ્રાફ્ટમાં પણ યથાવત રાખવામાં આવ્યા છે. આ જવાબદારીમાંથી કેટલીક એવી શ્રેણીઓને મુક્તિ આપવામાં આવશે જ્યાં નિયમોનું પાલન કરવું વ્યવહારિક રીતે શક્ય ન હોય, તેમ ડ્રાફ્ટ કહે છે.

નવી દિલ્હી, તા. ૧૨(પીટીઆઈ): કેન્દ્ર સરકારે ટેલિવિઝન અને રેડિયો બ્રોડકાસ્ટિંગ સેવાઓ માટે એક સમાન નિયમનકારી માળખાની દરખાસ્ત કરી છે, જેમાં રાષ્ટ્રીય મહત્વ અને સામાજિક સુસંગતતાના વિષયો પર કાર્યક્રમો પ્રસારિત કરવાની જવાબદારી ટીવી ચેનલોથી લંબાવીને ખાનગી રેડિયો સેવાઓ પર પણ લાગુ કરવામાં આવી છે.

માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા શુક્રવારે જાહેર કરવામાં આવેલા ડ્રાફ્ટ ટેલિકોમ્યુનિકેશન્સ (ટેલિવિઝન, રેડિયો અને સંકલિત સેવાઓ) નિયમો, ૨૦૨૬માં જણાવવામાં આવ્યું છે કે, જ્યારે ટીવી ચેનલોએ સવારે ૬ થી રાતના ૧૧ વાગ્યાની વચ્ચે દરરોજ ઓછામાં ઓછી ૩૦ મિનિટ માટે આવા વિષયો પર સામગ્રી પ્રસારિત કરશે, ત્યારે રેડિયો સ્ટેશનોએ દરરોજ આ જ હેતુ માટે એક કલાકનો સમય ફાળવવો પડશે.

જ્યારે ટીવી માટે આવી સામગ્રીનું પ્રસારણ ચાર વર્ષ પહેલાં 'ગાઈડલાઈન્સ ફોર અપલિંકિંગ એન્ડ ડાઉનલિંકિંગ ઓફ ટેલિવિઝન ચેનલ્સ ઈન ઈન્ડિયા, ૨૦૨૨' હેઠળ ફરજિયાત કરવામાં આવ્યું હતું, પરંતુ તે નિયમોમાં કોઈ ચોક્કસ સમય સ્લોટ નક્કી કરવામાં આવ્યો ન હતો. આ ડ્રાફ્ટ તે ખામીને દૂર કરવાનો પ્રયાસ કરે છે. સાથે જ, એફએમ પોલિસી ફેઝ-III હેઠળ, ખાનગી રેડિયો સ્ટેશનોએ અત્યાર સુધી દરરોજ એક કલાક માટે "કેન્દ્ર સરકાર/રાજ્ય સરકાર દ્વારા જરૂરી હોય તે મુજબ" "જાહેર હિતની જાહેરાતો" પ્રસારિત કરવી જરૂરી હતી. જો કે, ડ્રાફ્ટ નિયમો જણાવે છે કે દરેક અધિકૃત ખાનગી રેડિયો સેવા "કેન્દ્ર સરકાર દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવે તે રીતે, દરરોજ ઓછામાં ઓછા એક કલાકના સમયગાળા માટે રાષ્ટ્રીય મહત્વ અને સામાજિક સુસંગતતાના વિષયો પર ધ્યાન કેન્દ્રિત કરતા કાર્યક્રમોનું પ્રસારણ કરશે જેનાથી તેઓએ જે જાહેર હિતની જાહેરાતો કરવાની અપેક્ષા રાખવામાં આવે છે તેનું સ્વરૂપ વધુ સ્પષ્ટ બનશે. વધુમાં, વર્તમાન માર્ગદર્શિકામાં એવું કહેવામાં આવ્યું છે કે ટીવી ચેનલો જાહેર સેવા પ્રસારણ "કરી શકે છે", જ્યારે આ ડ્રાફ્ટ તેને બદલીને "કરશે" કરવા માંગે છે, જેનાથી આ જવાબદારી વધુ કડક બનશે.

પેજ 3

## કાળા હિરણ ફિલ્મ સામે સલમાન કોર્ટમાં



નવી દિલ્હી, તા. 12 (પીટીઆઈ): બોલિવૂડ અભિનેતા સલમાન ખાને તેની સાથે જોડાયેલા કથિત કાળા હરણ શિકાર કેસ પર આધારિત હોવાનું કહેવાતી ફિલ્મ 'કાળા હિરણ: ધ બેટલ ફોર લીગલ'ના રિલીઝ પર રોક લગાવવાની માગ સાથે દિલ્હી હાઈકોર્ટનો દરવાજો ખટખટાવ્યો છે. અભિનેતાનો દાવો છે કે ફિલ્મ તેમના વ્યક્તિત્વ અને છબીના અધિકારોનું ઉલ્લંઘન કરે છે. ફિલ્મના પોસ્ટર અને ટ્રેલરમાં મુખ્ય પાત્રનો દેખાવ, પહેરવેશ અને હાથમાં પહેરેલું બ્રેસલેટ તેમની સાથે મળતું આવે છે. સલમાને અરજીમાં જણાવ્યું છે કે ત્રણ કેસોમાં તેઓ નિર્દોષ જાહેર થઈ ચૂક્યા છે અને ફિલ્મ ખોટી છાપ ઊભી કરે છે. દિલ્હી હાઈકોર્ટે ફિલ્મના નિર્માતાઓને નોટિસ પાઠવી 19 જૂને સુનાવણી નક્કી કરી છે.

## કૃતિ સેનનના પરિવારે ચાર ફ્લેટ વેચી 107 ટકા નફો મેળવ્યો



મુંબઈ, તા. 12: - બોલિવૂડ અભિનેત્રી કૃતિ સેનન, તેની બહેન નુપુર સેનન અને માતા ગીતા સેનને મુંબઈના અંધેરી પશ્ચિમ વિસ્તારમાં આવેલી ચાર રહેણાંક ફ્લેટ્સ વેચીને અંદાજે 107 ટકા નફો મેળવ્યો છે. પરિવારએ આ ચારેય ફ્લેટ્સ કુલ રૂ.8.88 કરોડમાં વેચ્યા છે. ગીતા સેનને 2013માં બે ફ્લેટ્સ રૂ.1.40 કરોડમાં ખરીદ્યા હતા, જ્યારે કૃતિ અને નૂપુરે 2017માં અન્ય બે ફ્લેટ્સ રૂ.2.90 કરોડમાં લીધા હતા. વર્ષો સુધી મિલકત રાખ્યા બાદ હવે તમામ ફ્લેટ્સ વેચી દેવામાં આવ્યા છે. જેમાં બે મોટા ફ્લેટ્સ રૂ.3.23 કરોડના ભાવે અને અન્ય બે ફ્લેટ્સ રૂ.1.21 કરોડના ભાવે વેચાયા હોવાનું દસ્તાવેજોમાં નોંધાયું છે. આ સોદો રિયલ એસ્ટેટ રોકાણ પર મળેલા આકર્ષક વળતરને લઈને ચર્ચામાં છે.

# પાકિસ્તાને સંરક્ષણ બજેટમાં 17.6 ટકાનો વધારો કર્યો

**2026-27ના** નાણાકીય વર્ષ માટે સંરક્ષણ ખર્ચ ગયા વર્ષના 2440 અબજ રૂપિયાથી વધારીને 3,000 અબજ પાકિસ્તાની રૂપિયા કરવામાં આવ્યો

ઈસ્લામાબાદ, તા. 12 (પીટીઆઈ): પાકિસ્તાને 2026-27ના નાણાકીય વર્ષ માટે પોતાના સંરક્ષણ ખર્ચમાં 17.6 ટકાનો વધારો કરીને તેને 3,000 અબજ પાકિસ્તાની રૂપિયા સુધી પહોંચાડ્યો છે. ગયા વર્ષે સંરક્ષણ માટે 2,550 અબજ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા. નાણાં અને મહેસૂલ મંત્રી મુહમ્મદ ઔરંગઝેબે નેશનલ એસેમ્બલીમાં બજેટ રજૂ કરતાં આ જાહેરાત કરી હતી.

તેમણે જણાવ્યું કે આગામી વર્ષ માટે કુલ કેન્દ્રીય બજેટ 18,771 અબજ રૂપિયા નક્કી કરવામાં આવ્યું છે અને જીડીપી વૃદ્ધિ દરનો લક્ષ્યાંક 4 ટકા રાખવામાં આવ્યો છે. બજેટમાં દેવાની ચૂકવણી અને વ્યાજ માટે 8,054 અબજ રૂપિયા, પેન્શન માટે 1,169 અબજ રૂપિયા અને સબસિડી માટે 1,091 અબજ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. જાહેર ક્ષેત્ર વિકાસ કાર્યક્રમ (PSDP) માટે 1,000 અબજ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

સરકારે કરવેરા વસૂલાતનો લક્ષ્યાંક 15,264 અબજ રૂપિયા અને બિન-કર આવક 5,336 અબજ રૂપિયા રાખી છે. આગામી વર્ષ માટે નિકાસનો લક્ષ્યાંક 32.8 અબજ ડોલર અને આયાતનો લક્ષ્યાંક 70 અબજ ડોલર નક્કી કરવામાં આવ્યો છે. બજેટમાં કોઈ નવી વિકાસ યોજનાની જાહેરાત કરવામાં આવી નથી.

વડા પ્રધાન શહેબાઝ શરીફની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટે બજેટને મંજૂરી આપી હતી. શરીફે કરરાહત અને આર્થિક પ્રગતિ માટે પગલાં લેવાની ખાતરી આપી હતી. બીજી તરફ, વિરોધ પક્ષ પાકિસ્તાન તહરીક-એ-ઇન્સાફ (PTI)એ સત્ર દરમિયાન ઇમરાન ખાનની સતત કેદનો વિરોધ નોંધાવ્યો હતો. એક દિવસ અગાઉ જાહેર કરાયેલા પાકિસ્તાન ઇકોનોમિક સર્વે અનુસાર દેશનો જીડીપી વૃદ્ધિ દર 3.7 ટકા રહ્યો હતો, જે નિર્ધારિત લક્ષ્યાંકથી ઓછો છે.

# અમદાવાદ વિમાન દુર્ઘટનાને એક વર્ષ થયું: તપાસ હજી પણ ચાલુ

**તપાસ** સંસ્થા AAIBએ વચગાળાનું નિવેદન બહાર પાડ્યું, નિષ્પક્ષ તપાસ ચાલી રહી હોવાનું જણાવ્યું

**તમામ** તપાસ અને જરૂરી સમીક્ષા પૂર્ણ થયા બાદ અંતિમ અહેવાલ બહાર પડાશે

નવી દિલ્હી, તા. ૧૨(PTI): વિમાન અકસ્માત તપાસ એજન્સી AAIB એ ગયા વર્ષે ૧૨ જૂને ૨૬૦ લોકોના જીવ લેનારા એર ઈન્ડિયાના AI171 પ્લેન ક્રેશની તપાસ અંગે શુક્રવારે એક વચગાળાનું નિવેદન બહાર પાડ્યું હતું. એજન્સીએ જણાવ્યું હતું કે તમામ તપાસ પ્રક્રિયાઓ, જરૂરી આંતરરાષ્ટ્રીય સમીક્ષા અને પરામર્શ પ્રક્રિયાઓ પૂર્ણ થયા બાદ અંતિમ અહેવાલ બહાર પાડવામાં આવશે.

તપાસની સ્થિતિ અથવા અત્યાર સુધીના તારણો વિશે ચોક્કસ વિગતો આપ્યા વિના, એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો(AAIB) એ જણાવ્યું હતું કે તપાસ ટીમે છેલ્લા એક વર્ષમાં અકસ્માત સાથે સંકળાયેલા તમામ સંબંધિત તકનીકી, ઓપરેશનલ, સંસ્થાકીય અને માનવીય પરિબળોની વ્યાપક અને સખત તપાસ હાથ ધરી છે. તપાસની પ્રગતિ અંગેના વચગાળાના નિવેદનમાં, AAIBએ જણાવ્યું હતું કે તે સંપૂર્ણ, સ્વતંત્ર, નિષ્પક્ષ અને પુરાવા-આધારિત તપાસ કરવા માટે મક્કમપણે પ્રતિબદ્ધ છે. એજન્સીએ જણાવ્યું કે, ICAO એનેક્સ ૧૩ હેઠળ નિર્ધારિત તમામ તપાસ પ્રવૃત્તિઓ અને જરૂરી આંતરરાષ્ટ્રીય સમીક્ષા તેમજ પરામર્શ પ્રક્રિયાઓ પૂર્ણ થયા પછી અંતિમ અહેવાલ બહાર પાડવામાં આવશે.

AAIB ના જણાવ્યા અનુસાર, આ તપાસને સંબંધિત સંસ્થાઓના માન્યતા પ્રાપ્ત પ્રતિનિધિઓ, તકનીકી સલાહકારો અને વિષયના નિષ્ણાતો દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે. તપાસ એજન્સીએ જણાવ્યું કે, વિમાનની સિસ્ટમ્સ, ફ્લાઈટ રેકોર્ડર ડેટા, એન્જિન સંબંધિત ઘટકો, મેઈન્ટેનન્સ અને ઓપરેશનલ રેકોર્ડ્સ અને તપાસ માટે સંબંધિત અન્ય પુરાવાઓની તપાસ અને વિશ્લેષણમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. એર ઈન્ડિયાનું બોઈંગ 787-8 અથવા ડ્રીમલાઈનર (રજીસ્ટ્રેશન VT-ANB) લંડન ગેટવિક તરફ જઈ રહ્યું હતું, જે ૧૨ જૂન, ૨૦૨૫ ના રોજ ટેકઓફ કર્યાના થોડી જ વારમાં ક્રેશ થયું હતું. આ દુર્ઘટનામાં વિમાનમાં સવાર ૨૪૧ લોકો અને જમીન પરના ૧૯ લોકો સહિત કુલ ૨૬૦ લોકોના મોત થયા હતા. માત્ર એક જ મુસાફર જીવતો બચ્યો હતો. તપાસના અહેવાલમાં જણાવાયું હતું કે, કોકપિટ વૉઈસ રેકોર્ડિંગમાં, એક પાયલટ બીજા પાયલટને પૂછતો સંભળાય છે કે તેણે સપ્લાય કેમ બંધ કર્યો. બીજા પાયલટે જવાબ આપ્યો કે તેણે એવું કર્યું નથી.



# અમેરિકાના ઇલિનોઇસ અને ઇન્ડિયાનામાં મોટું વાવાઝોડું

**વ્યાપક** નુકસાન, જો કે જાનહાનિના કોઇ અહેવાલ નહીં

ઇલિનોઇસ, તા. ૧૨(AP): શિકાગોના દક્ષિણ ભાગમાં આવેલા વિસ્તારોમાં ભારે વાવાઝોડું ત્રાટક્યા બાદ શુક્રવારે સત્તાવાળાઓ અને સ્થાનિક રહીશોએ ટોર્નેડોથી પ્રભાવિત વિસ્તારોમાં શોધખોળ હાથ ધરી હતી અને નુકસાનીની સમીક્ષા કરી હતી. આ વાવાઝોડાને કારણે ઇલિનોઇસ અને ઇન્ડિયાનામાં લાખો વીજ ગ્રાહકો પ્રભાવિત થયા હતા અને પ્રદેશમાં હવાઈ મુસાફરી ખોરવાઈ ગઈ હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ગુરુવારે આવેલા આ વાવાઝોડામાં કોઈના મોતના કે ગંભીર ઈજાના તાત્કાલિક અહેવાલો નથી, જોકે કેટલાક લોકોને સામાન્ય ઈજાઓ થતા સારવાર આપવામાં આવી હતી. શિકાગોથી દક્ષિણ-પૂર્વમાં આશરે ૫૩ કિલોમીટર દૂર આવેલા ઇન્ડિયાનાના મેરિલવિલેમાં અધિકારીઓએ મોટા પાયે નુકસાન થયું હોવાનું જણાવ્યું છે. ઘરો અને અન્ય ઇમારતો ધરાશાયી થઈ ગઈ હતી, પડી ગયેલા વૃક્ષો અને વીજળીના તારોને કારણે રસ્તાઓ બંધ થઈ ગયા હતા અને એક હાઇસ્કૂલની છતનો એક ભાગ પણ ઉડી ગયો હતો. નગરના અધિકારીઓએ સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે આ ક્ષેત્રની વિવિધ એજન્સીઓએ સ્થાનિક બચાવકર્મીઓને શોધખોળ કરવા અને નુકસાનીવાળા વિસ્તારોની સમીક્ષા કરવામાં મદદ કરી હતી. કર્મચારીઓએ મોડી રાત સુધી રસ્તાઓ સાફ કરવાનું કામ ચાલુ રાખ્યું હતું.

# લખનૌ-દિલ્હી ફ્લાઈટમાં બોમ્બની અફવા

**ટોયલેટમાં** ટિશ્યુ પેપર પર 'બોમ્બ' લખેલું મળતા મુસાફરોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો

**સુરક્ષા** જવાનોએ વિમાન અને આસપાસના વિસ્તારોની તપાસ કરી પરંતુ તપાસ બોમ્બ કે હાનિકારક પદાર્થ મળ્યો ન હતો

લખનઉ, તા. 12 (પીટીઆઈ): લખનૌથી દિલ્હી જઈ રહેલી ઈન્ડિગોની ફ્લાઈટમાં શુક્રવારે ટેક-ઓફના થોડા સમય પહેલા બોમ્બ હોવાની ધમકી મળતા વિમાનના ઉડ્ડયનમાં વિલંબ થયો હતો. જોકે, તપાસ બાદ આ ધમકી માત્ર એક અફવા સાબિત થઈ હતી.

આ ફ્લાઈટ આશરે 180 મુસાફરોને લઈને સવારે 10.45 વાગ્યે દિલ્હી જવા રવાના થવાની હતી. સૂત્રોના જણાવ્યા મુજબ, વિમાનના ક્રૂ મેમ્બર્સને પ્લેનમાં બોમ્બ હોવાની આશંકા અંગેની માહિતી મળી હતી, જેના પગલે તકેદારીના ભાગરૂપે વિમાનને એપ્રન પર જ રોકી દેવામાં આવ્યું હતું.

એક અન્ય સૂત્રએ જણાવ્યું કે, વિમાનના શૌચાલયમાંથી એક ટિશ્યુ પેપર મળી આવ્યું હતું, જેના પર 'બોમ્બ' લખેલું હતું જેના કારણે આ ગભરાટ ફેલાયો હતો. આ ઘટનાને કારણે મુસાફરોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. સુરક્ષા જવાનોએ તરત જ વિમાન અને આસપાસના વિસ્તારોની સઘન તપાસ શરૂ કરી હતી, પરંતુ તપાસ દરમિયાન કોઈ બોમ્બ કે હાનિકારક પદાર્થ મળી આવ્યો ન હતો.

સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, સુરક્ષા એજન્સીઓને આશંકા છે કે આ કૃત્ય પાછળ તે જ વિમાનમાં મુસાફરી કરી રહેલા એક મુસાફરનો હાથ હોઈ શકે છે, જેણે પ્લેન ઉડાન ભરે તે પહેલાં જ ફ્લાઈટમાં મોડું કરાવવાના ઈરાદાથી શૌચાલયમાં 'બોમ્બ' લખેલું ટિશ્યુ પેપર રાખ્યું હતું.

ઈન્ડિગોના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ફ્લાઈટ 6ઈ-2111માં સુરક્ષા જોખમની સૂચના મળતા જ નિર્ધારિત પ્રોટોકોલ મુજબ સંબંધિત સત્તાવાળાઓને જાણ કરવામાં આવી હતી.

એરલાઈન્સે જણાવ્યું કે તેઓ સુરક્ષા એજન્સીઓને સંપૂર્ણ સહયોગ આપ્યો હતો અને જરૂરી મંજૂરીઓ મળ્યા બાદ વિમાનને દિલ્હી માટે રવાના કરાયું હતું. મુસાફરોને પડેલી અસુવિધા બદલ ખેદ વ્યક્ત કરતા કંપનીએ તેમને ચા નાસ્તો અને સમયસર અપડેટ્સ પૂરા પાડવાની ખાતરી આપી હતી. એરલાઈન્સે ભારપૂર્વક જણાવ્યું હતું કે ગ્રાહકો અને ક્રૂ મેમ્બર્સની સુરક્ષા તેમની સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

આ ગરબડના કારણે ફ્લાઈટ 6 કલાક કરતાં વધુ સમય માટે વિલંબિત થઈ હતી અને તે સાંજે 4.15 વાગ્યે ઉપડી શકી હતી અને બાદમાં વિમાન દિલ્હી સુરક્ષિત ઉતર્યું હતું.

# ઉમેદવારી પત્ર રદ થવા સામે મીનાક્ષી નટરાજનની અરજી સુપ્રીમે ફગાવી

**ભારતીય** બંધારણ ચૂંટણીની બાબતોમાં અદાલતોને હસ્તક્ષેપ કરતા રોકે છે: સુપ્રીમ


નવી દિલ્હી, તા. 12 (પીટીઆઈ): સુપ્રીમ કોર્ટે શુક્રવારે કોંગ્રેસ નેતા મીનાક્ષી નટરાજનની એ અરજીને ફગાવી દીધી છે, જેમાં તેમણે મધ્યપ્રદેશમાંથી રાજ્યસભા ચૂંટણી માટે પોતાના નામાંકન પત્રો રદ કરવાના નિર્ણયને પડકાર્યો હતો. જસ્ટિસ પ્રશાંત કુમાર મિશ્રા અને જસ્ટિસ અતુલ એસ ચંદુરકરની બેન્ચે સ્પષ્ટ કર્યું કે ભારતીય બંધારણની કલમ 329 ચૂંટણીની બાબતોમાં અદાલતોને હસ્તક્ષેપ કરતા રોકે છે, જેથી ન્યાયિક વિલંબ વિના ચૂંટણી પ્રક્રિયા આગળ વધી શકે. કોર્ટે ઉમેર્યું કે એકવાર રિટર્નિંગ ઓફિસર દ્વારા ઉમેદવારી નકારી દેવામાં આવે, ત્યારે સામાન્ય રીતે ચૂંટણી પંચ અથવા ઈલેક્શન ટ્રિબ્યુનલનો સંપર્ક કરવો એ જ એકમાત્ર ઉપાય બચે છે.

નટરાજન તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ અભિષેક સિંઘવીએ દલીલ કરી હતી કે ઉમેદવારે એવા ગુનાહિત કેસની વિગતો આપવાની હોય છે જેમાં ઓછામાં ઓછી 2 વર્ષની સજાની જોગવાઈ હોય, જ્યારે આ મામલામાં માત્ર સમન્સ જ જાહેર થયા હતા. આથી રિટર્નિંગ ઓફિસરે લોકપ્રતિનિધિત્વ અધિનિયમ હેઠળ ખોટી રીતે ફોર્મ રદ કર્યું છે. જોકે, રાજ્યસભા ચૂંટણીના રિટર્નિંગ ઓફિસર અરવિંદ શર્માના આદેશ અનુસાર, નટરાજનનું એફિડેવિટ (ફોર્મ 26) અપૂર્ણ હતું. મધ્યપ્રદેશ વિધાનસભાના અધિકારીના જણાવ્યા મુજબ, ભાજપના ઉમેદવાર મહેશ કેવટે ફરિયાદ કરી હતી કે નટરાજનના સોગંદનામામાં તેલંગાણામાં નોંધાયેલા એક કેસનો ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો.

# વિષુવવૃતિય પ્રશાંત મહાસાગર અલ-નીનોની શરૂઆત થઈ ગઈ: IMD

**સમુદ્ર**-વાતાવરણની પ્રણાલી હવે સ્થિતિને અનુરૂપ લક્ષણો દર્શાવી રહી છે

**ચોમાસા** દરમ્યાન અલ-નીનો વધુ મજબૂત બનશે



નવી દિલ્હી, ૧૨ જૂન(PTI): વિષુવવૃત્તીય પેસિફિક મહાસાગર પર સમુદ્રને ગરમ કરતા કુદરતી પરિબળ અલ-નીનોની શરૂઆત થઈ ચુકી છે એમ ભારતીય હવામાન વિભાગે આજે જાહેર કર્યુ હતું.

હાલમાં અલ નીનોની સ્થિતિ પ્રવર્તી રહી છે અને નૈઋત્યના ચોમાસાની ઋતુ દરમિયાન તે વધુ મજબૂત બને તેવી સંભાવના છે, તેમ ભારતીય હવામાન વિજ્ઞાન વિભાગ(IMD) એ શુક્રવારે જણાવ્યું હતું. સમુદ્રની સપાટીના વધતા તાપમાન પ્રત્યે વાતાવરણે પ્રતિભાવ આપ્યો છે, અને સમુદ્ર-વાતાવરણની આ સંયુક્ત પ્રણાલી હવે અલ નીનોની સ્થિતિને અનુરૂપ લક્ષણો દર્શાવી રહી છે, તેમ વિભાગે જણાવ્યું હતું. ભારતના હવામાન વિજ્ઞાન વિભાગ એ જણાવ્યું કે, મોન્સૂન મિશન કપલ્ડ ફોરકાસ્ટ સિસ્ટમ (MMCFS)ના અંદાજો દર્શાવે છે કે નૈઋત્યના ચોમાસાની ઋતુ દરમિયાન અલ નીનોની સ્થિતિ વધુ મજબૂત થશે. આ અગાઉ વર્ષ ૨૦૨૩માં અલ નીનોની સ્થિતિ સર્જાઈ હતી. વર્ષ ૨૦૦૦ પછી, આવી સ્થિતિ ૨૦૦૨, ૨૦૦૯ અને ૨૦૧૫માં જોવા મળી છે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, અલ નીનોના કારણે ભારતમાં ઓછો વરસાદ થાય છે અને આ વર્ષે દેશમાં ચોમાસાની ઋતુ દરમિયાન સામાન્ય કરતાં ઓછો વરસાદ થવાની જે સંભાવના છે, તેની પાછળનું એક કારણ અલ નીનોનું સર્જન હોઈ શકે છે. ૨૯ મેના રોજ, ભારતીય હવામાન વિભાગે જણાવ્યું હતું કે આ ચોમાસામાં વરસાદ લોંગ-પિરિયડ એવરેજ (LPA - લાંબા ગાળાની સરેરાશ) ના લગભગ ૯૦ ટકા રહેવાની શક્યતા છે, જેમાં મોડેલ ભૂલ ૪ ટકા હોઈ શકે છે. યુદ્ધની અચોક્કસતાઓમાં હવે અલ-નીનોની ઉભી થઈ રહેલી પરિસ્થિતિએ અર્થ તંત્રોની ચિંતાઓ ઓર વધારો કર્યો છે.

# મોહન ભાગવત જે ટ્રેનમાં હતા તેના પર પથ્થરમારો

**બે** સગીરોની અટકાયત, ત્રીજાની શોધખોળ ચાલુ જે કોચમાં ભાગવત સવાર હતા તેના પર જ પથ્થરમારો કરાયો, બારીનો કાચ તૂટી ગયો

**બે** સગીરોની અટકાયત કરાઈ

ફિરોઝાબાદ (ઉ.પ્ર.), તા. 12 (પીટીઆઈ): ફિરોઝાબાદ નજીક ગુરુવારે સાંજે લખનૌ-નવી દિલ્હી સ્વર્ણ શતાબ્દી એક્સપ્રેસ પર પથ્થરમારો કરવાના આરોપમાં પોલીસે શુક્રવારે બે સગીરોની અટકાયત કરી છે. આ ઘટના બની ત્યારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના વડા મોહન ભાગવત પણ આ ટ્રેનમાં સવાર હતા. અધિકારીઓએ જણાવ્યું કે આ કેસમાં સામેલ ત્રીજા સગીર આરોપીની શોધખોળ કરવામાં આવી રહી છે. ફિરોઝાબાદના સિનિયર સુપ્રિટેન્ડન્ટ ઓફ પોલીસ (SSP) આદિત્ય લાંઘેએ જણાવ્યું હતું કે, આ ઘટના ગુરુવારે સાંજે આશરે 7.20 વાગ્યે પેમેશ્વર ગેટ નજીક બની હતી. ટ્રેનના ઈ1 કોચ પર પથ્થર ફેંકવામાં આવ્યો હતો, જેના કારણે બારીનો કાચ તૂટી ગયો હતો. આ કોચમાં RSS વડા સવાર હતા, જેઓ કાનપુરથી ટ્રેનમાં બેઠા હતા. સદનસીબે તેઓ સંપૂર્ણપણે સુરક્ષિત હોવાના અહેવાલ છે.

પોલીસ અને રેલવે સત્તાવાળાઓ તરફથી હાઈ-લેવલ એક્શન લેતા, પથ્થરમારો કરનારાઓની ઓળખ કરવા માટે આગ્રા ઝોનના એડિશનલ ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ એસ કે ભગતના સુપરવિઝન હેઠળ 7 ટીમોની રચના કરવામાં આવી હતી. પોલીસે 50થી વધુ CCTV કેમેરાના રેકોર્ડિંગની તપાસ કરી હતી, જેમાં રેલવે ટ્રેક નજીક કચરો વીણતા 3 સગીરો પસાર થતી ટ્રેન પર પથ્થર ફેંકતા દેખાયા હતા. આ તપાસના આધારે પોલીસે શુક્રવારે સવારે આશરે 9.30 વાગ્યે બે સગીરોની અટકાયત કરી હતી અને ત્રીજાને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

# મમતા બેનરજી વિરુદ્ધ FIR નોંધાઈ

**વિધાનસભા** ચૂંટણી પ્રચાર દરમિયાન કથિત ઉશ્કેરણીજનક નિવેદનો આપવા બદલ મમતા બેનરજી વિરૂદ્ધ બે જગ્યાએ ફરિયાદ નોંધાઈ

**ફરિયાદોની** તપાસ કરીને અને સંબંધિત સામગ્રીની ચકાસણી બાદ પોલીસ યોગ્ય કાર્યવાહી કરશે

કોલકાતા, તા. 12 (પીટીઆઈ): પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી અને તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના વડા મમતા બેનરજી વિરુદ્ધ વિધાનસભા ચૂંટણી પ્રચાર દરમિયાન કથિત ઉશ્કેરણીજનક નિવેદનો આપવા બદલ એફઆઈઆર નોંધવામાં આવી છે. કોલકાતા પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ શુક્રવારે આ માહિતી આપી હતી.

ફરિયાદી દ્વારા નેતાજી નગર પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે 9 માર્ચે કોલકાતાના એસ્પ્લાનેડ વિસ્તારમાં આવેલા મેટ્રો ચેનલ ખાતે યોજાયેલા એક પક્ષીય કાર્યક્રમમાં મમતા બેનરજીએ કરેલી ટિપ્પણીઓ વિવિધ સમુદાયો વચ્ચે વૈમનસ્ય ફેલાવવાની ક્ષમતા ધરાવતી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર શરૂઆતમાં કેસ 'ઝીરો એફઆઈઆર' તરીકે નોંધાયો હતો, પરંતુ ઘટના સ્થળ હેર સ્ટ્રીટ પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્રમાં આવતું હોવાથી બાદમાં કેસ ત્યાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. ફરિયાદમાં એવો પણ આરોપ છે કે બેનરજીના નિવેદનો શાંતિ અને સાંપ્રદાયિક સૌહાર્દને ખલેલ પહોંચાડી શકે છે તેમજ લોકશાહી મૂલ્યો પર પ્રતિકૂળ અસર કરી શકે છે. આ દરમિયાન, એક વકીલે પણ બેનરજી વિરુદ્ધ અલગ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

# અમેઠીની પંચાયત મતદાર યાદીમાંથી સ્મૃતિ ઈરાનીનું નામ ગાયબ

**મેજીસ્ટ્રેટે** આ બાબતમાં તપાસના આદેશ આપ્યા

**લોકસભા** અને વિધાનસભાની મતદાર યાદીમાં સ્મૃતિનું નામ હોવા છતાં, પંચાયતની યાદીમાં સામેલ ન હતું

અમેઠી, તા. 12 (પીટીઆઈ): ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી અને ભાજપના નેતા સ્મૃતિ ઈરાનીનું નામ અમેઠી જિલ્લાના મેદાન મવાઈ ગામની પંચાયત મતદાર યાદીમાંથી બાકાત રહી ગયું હોવાનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું કે લોકસભા અને વિધાનસભાની મતદાર યાદીમાં તેમનું નામ હોવા છતાં, પંચાયતની યાદીમાં તેમનો ઉલ્લેખ નથી. જિલ્લા મેજિસ્ટ્રેટ (ડીએમ) સંજય ચૌહાણે આ ગંભીર ક્ષતિ અંગે તપાસના આદેશ આપ્યા છે. ભાજપ નેતા સ્મૃતિ ઈરાનીએ 2019થી 2024 સુધી લોકસભામાં અમેઠીનું પ્રતિનિધિત્વ કર્યું હતું. વર્ષ 2019 સંસદીય ચૂંટણી જીત્યા પછી તેમણે ગૌરીગંજ વિધાનસભા મતવિસ્તાર હેઠળના મેદાન મવાઈ ગામમાં પોતાનું નિવાસસ્થાન બનાવ્યું હતું.